શ્રીપદ્મજિનેશ્વરસૂરિ વિરચિત

# ઉપદેશરત્નમાલાગ્રન્થ



આ. કુન્દકુન્દસૂરિ

ॐ श्री धर्मनाथाय नमः

N૭-૦૭૭૬૦૧

શ્રીપદ્મજિનેશ્વરસૂરિવિરચિત

# ઉપદેશરત્નમાલાગ્રન્થ

(ભાષા - પ્રાકૃત)

સવૈયા છન્દના રચયિતા સાર્થ

આ. કુન્દન્દસૂરિ

પ્રકાશક

શ્રી ધુરન્ધરસૂરિ સમાદિ મન્દિર ટ્રસ્ટ

**પ્રાપ્તિસ્થાન**

**શ્રી ધુરન્ધરસૂરિ સમાદિ મન્દિર**
નારાયણનગર રોડ, શાન્તિવન બસસ્ટેન્ડ સામે,
કૃપાસાગર સામે, અમદાવાદ-૭.
ઠે/. પૌરિક વી. શાહ - **9328393293**

**રાજેશભાઇ અશોકભાઈ શાહ**
સી-૧૬, ઋષિકા એપાર્ટમેન્ટસ, ગીરધરનગર,
શાહીબાગ, અમદાવાદ-૪.

**નવીનભાઇ હિંમતલાલ મહેતા**
હઠઈભાઇની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ

**પુસ્તક સંબંધિ સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન**

**વીર નિર્વાણ - ૨૫૪૧ વિ. સં. ૨૦૭૨**

**પહેલી આવૃતિ - નકલ - ૫૦૦**

**મુદ્રક - ધરણેન્દ્ર એચ. કાપડિયા**
અમદાવાદ - 9426413912

# પુસ્તકની છપાઇના લાભાર્થી

૧. મિરામ્બિકા સુમતિનાથ જૈન સંઘ

૨. શ્રી સીમન્ધર સ્વામી જૈન સંઘ, ઘાટલોડીયા.

૩. અમિતભાઇ મનુભાઇ શાહ
હ. જિજ્ઞાસાબેન -ખેડા, હાલ અમદાવાદ.

૪. સુરેન્દ્રભાઇ રમણીકલાલ શાહ
- લીંબડી, હાલ અમદાવાદ.

૫. સુરેન્દ્રભાઇ રમણીકલાલ શાહ
ભંડારીયાવાળા - હાલ ઘાટકોપર, મુંબઇ.

૬. રસિકલાલ મનસુખલાલ શાહ
હ. જયેન્દ્રભાઇ -અક્ષયભાઇ - સૌરિનભાઇ
દસાડાવાળા - હાલ અમદાવાદ.

૭. પ્રવિણભાઇ આત્મારામ - અમદાવાદ.

૮. રાજેન્દ્રભાઇ ચિમનલાલ શાહ
હ. પ્રેમિલાબેન રાજેન્દ્રભાઇ - ખાનપુર, અમદાવાદ.

૯. શાન્તાબેન પોપટલાલ શાહ
હ. અમિતભાઇ ઇન્દ્રવદનભાઇ

૧૦. સંદીપભાઇ બીપીનભાઇ ઝવેરી - અમદાવાદ.

# પહેલા આ વાંચો

# પછી ગ્રન્થ વાંચો.....

જ્ઞાન એ આત્માનો મુખ્ય ગુણ છે, અને તે ચેતન છે. પુસ્તકમાં જે લીપીરૂપ લખાણ હોય છે એ જ્ઞાન પ્રાપ્તિનું સાધન હોય છે એટલે એને ઔપચારિક જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાન વગર જીવ અંધારામાં અથડાયા કરે છે, એટલે સમ્યજ્ઞાનની અતિ આવશ્યકતા હોય છે. જ્ઞાનની જેમ અમુક કડી ભેગી થાય એટલે ચૈત્યવંદન - સ્તવન - સજ્ઝાય - છન્દ - સલોકો આદિ બને છે તેવી રીતે ઘણા શ્લોકો રચાયા પછી સમૂહગત થાય તે સ્તોત્ર કહેવાય છે અથવા ગ્રન્થ કહેવાય છે.

આવા શ્લોકો રચનારા ઘણાં વિદ્વાનો હોય છે. જેને પ્રાકૃત ભાષાનો અનુભવ વધારે હોય તે પ્રાકૃત શ્લોકો બનાવે છે, જેને સંસ્કૃતનો બહોળો અનુભવ હોય તે સંસ્કૃત શ્લોકો બનાવે છે અને જેને ગુજરાતીનો મહાવરો વધારે હોય તે ગુજરાતી શ્લોકો બનાવે છે. કેટલાકને બધા શ્લોકો બનાવવાનો મહાવરો હોય છે. પણ આ શ્લોકો તે જ બનાવી શકે છે જેને વ્યાકરણ - સાહિત્ય - છન્દ - શબ્દકોષ - ન્યાયશાસ્ત્ર આદિનું જ્ઞાન હોય છે. તેમજ સરસ્વતીનું જેને વરદાન હોય છે તે જ બનાવી શકે છે. કેટલાક ઋષિ - સાધુ - વિદ્વાનો જંગલમાં શ્લોક બનાવી પાંદડા ઉપર લખતાં પત્ર = પાંદડું અત્યારે કાગળને પત્ર કેહવાય છે તે પાંદડા ઉપરથી થયેલ છે. તે શ્લોકોમાંના કેટલાક વ્યલહારમાં આવતા અને કેટલાક જંગલનાં પુષ્પની જેમ ત્યાંને ત્યાં જ નષ્ટ થઇ જતા વળી જુદા - જુદા છન્દોમાં

શ્લોકો બનાવનાર ઘણા હોય છે. ગીતો બનાવનારા - કવિતા બનાવનારા - હરીગીત - સવૈયા - દુહા - ચોપાઇ આદિ ગુજરાતી અને અનુષ્ટુપ - ઇન્દ્રવજા - વસન્તતિલકા - માલિની - શિખરિણી - શાર્દુલવિક્રિડીત - સ્રગ્ધરા આદિ બનાવનારા ઘણા હોય છે. પણ જે લક્ષણયુક્ત સારા ભાવવાળા અનુપ્રાસને મેળવનારા શ્લોકો જોઇ સાંભળીને જ પંડિતો માથુ ધુણાવે છે. કેટલાક બનાવનારાના પ્રાસમાં ઠેકાણા હોતા નથી. કેટલાકના લક્ષણના ઠેકાણા હોતા નથી. કેટલાકના ભાવ સારા હોતા નથી. આવા શ્લોકો બનાવનારા સારા શ્લોકો બનાવે એવું ઇચ્છી શકાય. કેટલાં શ્લોકમાં ભાવ સારા હોય છે પણ જોડકણા શ્લોક હોય છે. શ્લોકો બનાવવા સહેલા નથી. વ્યાકરણાદિના જ્ઞાન સાથે મન, વચન, કાય એક બને ત્યારે જ સારા શ્લોક બને છે.

પૂજ્યપાદ આચાર્યશ્રી પદ્મજિનેશ્વરસૂરિજી મહારાજે પ્રાકૃત ભાષામાં ૨૬ શ્લોક સ્વરૂપ ઉપદેશ રત્નમાલા નામક ગ્રન્થ બનાવ્યો છે. જેમાં નીતિશાસ્ત્ર તથા ધર્મશાસ્ત્ર - વૈરાગ આદિની વાતો આવે છે. એમની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે. તે ગ્રન્થના શ્લોકની સંસ્કૃત છાયા પંડિત પૌરિકભાઇએ કરી છે અને ૨૭ સવૈયા છન્દ અર્થ સાથે કુન્દકુન્દસૂરિએ બનાવ્યા છે. જેના વાંચવાથી - વિચારવાથી મંથન કરવાથી અને જીવનમાં યથાશક્તિ ઉતારવાથી આત્મકલ્યાણનો માર્ગ પ્રગતિવાળો થશે એમાં જરાય શંકા નથી. જો વાંચનાર ભવ્ય અને સહૃદયી તથા પ્રયત્નવાન હશે તો.

૧. ધ્યાન રાખવા જેવી વાત.

૨. કોઈક જગ્યાએ મીંડા-શૂન્યની માત્રા ગણી નથી.

૩. કોઈ જગ્યાએ ૧૬+૧૫ ન ગણતા કુલ ૩૧ માત્રા ગણેલ છે

૪. પાદ-ચરણના અન્તનો અક્ષર વિકલ્પે હ્રસ્વ હોય તે ગુરુ થાય છે.

આ ગુજરાતી ગ્રન્થની રચના સુધીમાં મુનિશ્રી વિનયધર્મવિજયજી એ સારો સહકાર આપ્યો છે. અને શ્રી ધર્મધુરન્ધરસૂરિ સમાધિ મન્દિર સ્થિત શ્રી નેમિ-ધુરન્ધર પાઠશાળાના અધ્યાપક શ્રી પૌરિકભાઈએ પણ આ પુસ્તકની પ્રેસ કોપી જોઈ લાભ લીધો છે અને દીધો છે.

તેમજ આ ગ્રન્થની પ્રેસકોપી શ્રાવિકા અમિતાબેને (ટીકુબેન) બનાવી સહકાર આપ્યો છે. જેનો પ્રકાશક આભાર માને છે.

- કુન્દકુન્દસૂરિ

# ઉપદેશ રત્નમાલા

## રચયિતા : શ્રી પદ્મજિનેશ્વરસૂરિજી મહારાજા

## કુલ શ્લોક (૨૬)

### શ્લોક નં. ૧

उवएस रयणकोसं नासिअ नीसेस लोग दोगच्चं ।
उवएस - रयणमालं वुच्छं नमिउण वीरजिणं ॥ १ ॥

**સંસ્કૃત છાયા**

उपदेश-रत्नकोशं नाशितनिःशेषलोकदौर्गत्यम्
उपदेशरत्नमालां वक्ष्यामि ( वक्ष्ये ) नत्वा वीरजिनम् ॥१॥

**સવૈયા છન્દ**

વીરપ્રભુને નમન કરીને, ઉપદેશ રત્નમાલા કહિશ.
સુબોધરૂપી રત્નો જેમાં, એવી માળાને ગુંથિશ
દુર્ગતિતાને હરવા કાજે, જે છે શક્તિ કેરા ઈશ
છવ્વીસ છન્દે સહિત એવા ગ્રન્થ રત્નનો પ્રકાશ દઈશ ॥૧॥

અર્થઃ- સર્વ જીવોના દુર્ગતિના કારણભૂત, અશુભ અધ્યવસાય = પરિણામોને નાશ કરનાર, ઉપદેશરૂપી રત્નના ભંડાર-સમૂહ

સમાન, એવી વીરજિનેશ્વરને નમસ્કાર કરીને ઉપદેશરત્નમાલા નામના ગ્રન્થને હું પદમ્જિનેશ્વરસૂરિ કહિશ.

આ શ્લોકમાં મંગલ, વિષય, આદિ બતાવેલા છે. ગ્રન્થની શરૂઆતમાં પરમ્પરા મુજબ મંગલ આવશ્યક હોય છે. વિઘ્નોને નાશ કરવા, અને કાર્યની સમાપ્તિ કરવી, એ મંગલનું કામ છે.

સવૈયા છન્દ અને તેનું પહેલા લક્ષણ

षोडश तिथिए होत सवाया

गुरु लहु अन्ते हरि गुणगान

પહેલા ૧૬ માત્રા અને તિથિ = ૧૫ માત્રા એમ ૩૧ માત્રાનું એક ચરણ થાય એવા ચાર ચરણને સવૈયા છન્દ કહેવાય. ૩૧ માત્રાના ચરણમાં અન્તમાં અનુક્રમે ગુરુ અને લઘુ હોવો જ જોઈએ.

## શ્લોક નં. ૨

जीवदयाइं रमिज्जइ, इंदियवग्गो दमिज्जइ सयापि ।
सच्चं चेव चविज्जइ धम्मस्स रहस्समिणमेव ॥ २ ॥

### સંસ્કૃત છાયા

जीवदयायां रम्येत, इन्द्रयवर्गो दम्येत सदापि ।
सत्यमेव कथ्येत धर्मस्य रहस्यमिददेव ॥ २ ॥

## સવૈયા છન્દ

જીવદયામાં રમવું એટલે, કરવું જીવદયા પાલન,
રાખી પાંચે ઈન્દ્રિય વશમાં સુભાવે ભજવું જિનશાસન,
પરહિતકારી સત્ય બોલવું બકબક ના કરવું દિનરાત,
સાર ધર્મનો જાણી જીવે કર્મ તોડવા કરવી વાત ॥ ૨ ॥

અર્થઃ- હે ભાગ્યશાળી જીવો, તમારે જો રોગ વગરનું શરીર જોઈતું હોય, ઉચ્ચકુળમાં જન્મ લેવો હોય, ખૂબ તંદુરસ્ત અને શક્તિશાળી શરીર જોઈતું હોય, જો તમારે પ્રતિષ્ઠા જોઈતી હોય, જો તમારી પ્રશંસા ઈચ્છતા હો, બહુ જાડું કે પાતળું શરીર ન જોઈતું હોય, બહુ ઉંચુ કે નીચું (ઠીંગણું) શરીર ન જોઈતું હોય, અને ગોરું શરીર જોઈતું હોય, તેમજ શાતા જોઈતી હોય તો જીવદયાનું અવશ્ય પાલન કરો.

જીવદયા પાળવા માટે જીવોના ભેદોનું જ્ઞાન મેળવો. તેમજ એકેક ઈન્દ્રિયને વશ પડેલો જીવ પણ કાળાંતરે મરણને વશ થાય છે, અથવા દુઃખી થાય છે. સ્પર્શેન્દ્રિયને વશ થયેલ હાથી બંધનમાં આવી જાય છે. રસનેન્દ્રિયને વશ માછલા આદિ મરણ પામે છે.

ઘ્રાણેન્દ્રિયને વશ થયેલ ભમરો સાંજના કમળમાં બિડાઈ જાય છે. ચક્ષુરિન્દ્રયને વશ થયેલ પતંગિયું અગ્નિની ચારે બાજુ ફરતું અગ્નિમાં પડતાં આખરે મરણને શરણ થાય છે. અને શ્રોત્રેન્દ્રિયને વશ સાપ-હરણ આદિ બંધનમાં આવી જાય છે. માટે

પાંચે ઈન્દ્રિયને વશમાં રાખતા શીખો અને જીભને બોલવામાં અને ખાવામાં વધારે વશ રાખો.

વળી આત્માર્થી આત્માએ સત્ય બોલવું - પ્રિય બોલવું, બીજાને હિતકારી બોલવું, તેમજ પ્રમાણસર બોલવું. બહુ બોલનાર બકબકીયો કહેવાય છે.

આવી રીતે ધર્મનું રહસ્ય જાણીને જિનશાસનની ઉત્કૃષ્ટ આરાધના કરવી યોગ્ય છે. કેમ કે તેનાથી કર્મબન્ધનો તૂટે છે.

## શ્લોક નં.૩

शीलं न हु खंडिज्जइ, न संवसिज्जइ समंकुसीलेहिं ।
गुरुवयणं न खलिज्जइ, जइ नज्जइ धम्म परमत्थो ॥३॥

### સંસ્કૃત છાયા

शीलं न खण्डयेत, न समुष्येत समं कुशीलैः ।
गुरुवचनं न स्खल्येत, यदि ज्ञायेत धर्म परमार्थः ॥ ३ ॥

### સવૈયા છન્દ

જે ન કરતો શીલનું ખંડન રાજાનો તે રાજા થાય,
કુશીલની દોસ્તી નહિ સારી રે'વુ છેટા યોગ્ય ગણાય.
ના કરવો વળી ગુરુ અનાદર. વધે જ્ઞાન આદરથી ભાય,
પાળે જે આ ભાવ ભક્તિથી તેનો ધર્મ સાચો ગણાય.॥૩॥

અર્થ:- જે ભાગ્યશાળી મન વચન અને કાયાથી પૂર્ણ રીતે બ્રહ્મચર્ય પાળે તે આખા જગતથી વંદનીય થાય, બાર વ્રતની પૂજામાં એક લીટી આવે છે કે 'એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત જગમાં દીવો' બ્રહ્મચર્ય વ્રત જગમાં દીવા સમાન છે. દીવો જેમ પ્રકાશ કરે તેમ બ્રહ્મચર્ય પણ પ્રકાશ કરે. પૂરા બ્રહ્મચર્યના પ્રભાવથી જ જીવો દબાય જાય તેની સામે પણ બોલી ન શકે. વળી દીવા કરતા બ્રહ્મચર્યનો પ્રકાશ અધિક હોય છે. બ્રહ્મચારી રાજાનો પણ રાજા છે.

### બ્રહ્મચર્ય પ્રતિષ્ઠાયાં અપૂર્વ વીર્યલાભ:

બ્રહ્મચારીને દેવો પણ નમસ્કાર કરે અને બ્રહ્મચારી ધાર્યું કામ કરી શકે અને કરાવી શકે માટે શીલ ખંડન કરવું નહીં.

શીલના ખંડન કરનારાની સોબત પણ ખરાબ છે. વળી ગુરુવચન પાળવાથી ઘણા લાભ થાય છે. ગુરુ કહેને સામે તહત્તિ કહે - તેને ગુરુના સારા આશીર્વાદ મળે છે.

જે આ ઉપરની વસ્તુને પાળે છે તે ખરેખર ધર્મના રહસ્યને સમજેલ છે તેમ કહેવાય છે.

## શ્લોક નં.૪

चवलं न चंकमिज्जइ, विरज्जइ नेव उब्भडो वेसो ।
वंकं न पलोइज्जइ, रुठाचि भवंति किं पिसुणा ॥ ४ ॥

## સંસ્કૃત છાયા

चपलं न चङ्क्रम्येत, विरच्येत नैव उद्भटो वेषः ।
वक्रं न प्रलोक्येत, रुष्टा अपि भणन्ति किं पिशुनाः ॥४॥

## સવૈયા છન્દ

ચંચળતાથી ગમન ન કરવું, પહેરવો ના ઉદ્ભટ વેષ,
વાંકી નજરે જોવું નાને, શરીર ઉપર રાખવો ખેસ,
આવા ત્રિગુણ યુક્ત મનુષ્યને, મારે પણ ન ચાડિયો ઠેસ,
સિધ્ધે રસ્તે જનાર ઉપરે, ન કરતા કોઈ કોરટ કેસ ॥ ૪ ॥

અર્થ:- પહોંચવા યોગ્ય લક્ષ્ય સ્થાનને ધ્યાન રાખી જલ્દીથી અથવા સમયસર પહોંચવા ધ્યાન રાખવું ડાફેડા મારતા જવું એ ચંચળતા છે. ડાફેડા મારતા જવું એ આચારની કચાશ સુચવે છે. ઘણું કરીને આચાર નિષ્ઠ ઉપડતે પગે ચાલતા હોય છે અને તેમને પહોંચવા યોગ્ય શુભ સ્થાનનું જ લક્ષ્ય હોય છે, અને નીચું જોઈ લગભગ ચાલતા હોય છે.

૨) ઉદ્ભટ વેષ - આપણા અંગોપાંગો દેખાય, બીજાને વિકાર થાય એવા તથા મેલો અને ફાટેલો વેષ પહેરવો નહીં.

વાંકી નજરે ચાલવાથી આપણા ઉપર કોઈને ખરાબ શંકા પડે છે. માટે સીધી નજરે ચાલવું અને શ્રાવકોએ તો પહેરેલા વસ્ત્ર પર ખેસ પહેરવો જોઈએ.

આવી રીતે ચાલનારને ચાડિયા-ચુગલી કરનાર પણ હેરાન કરી શકતા નથી. કેમ કે સિધ્ધે રસ્તે જનાર ઉપર કોઈ કોરટ કેસ કરતું નથી.

## શ્લોક-૫

नियभिज्जइ नियजीहा, अविआरिअं नेव किज्जए कज्जं
न कुलक्कमो अ लुप्पइ, कुविओ किं कुणइ कलिकालो ॥५॥

### સંસ્કૃત છાયા

नियम्येत निज्जीहवा, अविचारितं नैव क्रियेत कार्यम् ।
न कुलक्रमस्य लुप्येत, कुपितः किं करोति - कलिकालः ॥५॥

### સવૈયા છન્દ

દુ- રીતે જીભને વશ કરવી, વિણ વિચારે વદવું ન કાંઈ,
કુલાચારનું પોષણ કરવું, ઉચ્ચભાવને રાખી ભાઈ,
આ ત્રણ વસ્તુપાળે ચિત્તથી, જીવનમાં તે આગળ જાય,
આવા જીવને જોઈ કળિયુગ, ક્રોધ શમાવી ચાલ્યો જાય.।।પ।।

અર્થઃ- નીચેની ત્રણ વસ્તુનું પાલન કરે તેની પાસેથી કળિયુગ ક્રોધને શાન્ત કરીને ચાલ્યો જાય છે. અર્થાત્ તેને કળિયુગ અસર કરતો નથી.

૧) બે રીતે જીભને વશ કરવી.

જે બોલવામાં ધ્યાન રાખતો નથી, અને ગુસ્સામાં આવી ગાળો બોલવા લાગે છે તેને ઘણું સહન કરવું પડે છે. લગભગ આવા માણસને કોઈ બોલાવતું નથી. હું તને તારા માગતા પૈસા આપવાનો નથી તારાથી થાય તે કરી લેજે. આવા સમયે સામે જો સબળ વ્યક્તિ હોય તો મોટું રમખાણ થાય છે, અને ક્યારેક જેલમાં પણ જવું પડે છે. વળી,

દૂધપાક અથવા શિખંડ ઘણો સારો છે માટે પેટમાં ઠપકારો એવું ન કરાય પોતાની હોજરી જેટલું સહન કરી શકે તેટલું જ ખવાય. કોઈ આગ્રહ કરે તો પણ ન લેવાય. વસ્તુ પારકી છે પેટ પારકું નથી માટે પ્રમાણાધિક લેવું નહીં, ખાવું નહિ.

૨) વગર વિચાર્યું બોલવાથી તેના ફળ કદીયે સારા આવતા નથી.

૩) આપણા કુળના જે જે નિયમો હોય તેને બરાબર પાળવા જોઈએ.

## શ્લોક-૬

मम्मं न उलविज्जइ, कस्सवि आलं न दिज्जइकयावि।

कोवि न अक्कोसिज्जइ, सज्जणभग्गो इमो दुग्गो ।।६।।

### સંસ્કૃત છાયા

मर्म न उल्लप्येत, कस्मायति आलं न दियेत कदापि ।

कोऽपि न आक्रोश्येत सज्जनमार्गोऽयं दुर्गः ।। ६ ।।

## સવૈયા છન્દ

દુઃખો પરને લાગે એવા, વચનો ત્યાગ કરી જીવાય,
આળ ન દેવું કોઈ જીવને, આળ થકી જન દુઃખી થાય,
ના કરવો આક્રોશ કોઈ પર, આક્રોશથી હાનિ બહુ થાય,
સજ્જનના આ કઠિન રાહને, પાળે ભવનો પાર પમાય.॥૬॥

અર્થઃ- બીજાને દુઃખ લગાડવું એ પણ એક જાતની હિંસા છે મન વચન્ કાયાથી દુઃખ ન થાય તેમ વર્તવું. તેમજ કોઈના પર આળ ન ચડાવવું. કોઈએ કંઈ ખરાબ કામ ન કર્યું હોય છતાં એના ઉપર ઢોળવું એના પર આરોપ લગાડવો તે આળ છે. અત્યારે આપણે કોઈના ઉપર આળ ચડાવીએ તો ભવિષ્યમાં આપણા ઉપર કોઈ આળ ચડાવે.

'સાત લાખ પૃથ્વીકાય' સૂત્રમાં 'બારમે અભ્યાખાન' જે આવે છે એનો અર્થ આળ થાય.

વળી કોઈના ઉપર આક્રોશ ન કરવો, ગુસ્સામાં આવીને ગાળ ન દેવી. ગાળ સજ્જનો આપે કે દુર્જન આપે? દુર્જનો આપે. જો સજ્જન આપે એવું હોય તો સામે બે ગાળ આપવાથી ડબલ દુર્જન બનાય માટે ગાળ સહન કરવી. પણ સામે(ગાળ)ન આપવી.

ખરેખર તો આપણને કોઈ ગાળ આપે એવી પરિસ્થિતિમાં જ આવવું નહિ.

આ માર્ગ સજ્જનો માટે પણ કઠિન છે. છતાં પાળે તો કાળાન્તરે ભવસાગર પાર ઊતરી જાય છે.

## શ્લોક નં.૭

सव्वस्स उवयरिज्जइ, न पम्हसिज्जहपरस्स उवयारो ।
विहलं अवलंबिज्जइ, उवएसो एस विकसाणं ॥ ७ ॥

### સંસ્કૃત છાયા

सर्वस्य उपक्रियेत, न विस्मर्येत परस्य उपकारः ।
विफलं अवलम्ब्येत, उपदेश एष विदुषाम् ॥ ७ ॥

### સવૈયા છન્દ

કરો ઉપકાર પ્રાણી માત્રનો, ભૂલવો ન કદિ પર ઉપકાર,
પડતાને આલંબન દેવું આ છે પંડિતનો સંસ્કાર,
પરઉપકાર વિના નવિ કદિયે, ના થાતો નિજનો ઉપકાર,
એવું માની સર્વજનોએ કરવો બહુ જગનો ઉપકાર ॥ ૭ ॥

**અર્થઃ-** તીર્થંકર પરમાત્મા આખા જગતને ઉપકાર કરવા ત્રીજા ભવમાં ભાવના ભાવે છે અને તીર્થંકરના ભવમાં ઉપકાર કરે છે તેમ આપણે પણ આપણી શક્તિ પ્રમાણે જીવોનો નાનો મોટો ઉપકાર વગર સ્વાર્થે કરવો જોઈએ. અને બીજાએ આપણી ઉપર

ઉપકાર કર્યો હોય તે ખરેખર ભૂલવો ન જોઈએ. કરેલા ઉપકારને જાણે તે કૃતજ્ઞ કહેવાય. કરેલા ઉપકારને ભૂલી જઈ સામાનું ખરાબ કરે તે કૃતઘ્ન કહેવાય. તેમજ કોઈ પડતું હોય તો તેને ઉઠાડવાનો પ્રયત્ન કરવો આલંબન દેવું પડતા ઉપર પાટું ન મારવું એ પંડિતનો સંસ્કાર છે.

અને એ પણ સમજવું કે, બીજાનો ઉપકાર કર્યા વિના આપણો ઉપકાર થતો નથી. માટે પણ ઉપકાર કરવો.

## શ્લોક ૮

को वि न अब्भत्थिज्जइ, किज्जइ कस्स वि न पत्थणाभडंगो ।
दीणं न य जंपिज्जइ, जीविज्जइ जावजीअलोए ।।८।।

### સંસ્કૃત છાયા

कोऽपि न अभ्यर्थ्येत, क्रियेत कस्यापि न प्रार्थना भङ्गः ।
दीनं न च जल्प्येत, जीव्येत, यावज्जीवलोके ।। ८ ।।

### સવૈયા છન્દ

માંગવું ન બીજાની પાસે, માંગવુ ઈ તો દોષ ગણાય,
માંગતું આવે કોઈ કદાપિ, આશ પૂરવી યોગ્ય ગણાય,
પડે દુઃખના ડુંગર તો યે દીન વચન વદવું ના ભાય,
આવું જીવન પુરુ કરવું કે કરવો ન પડે શોક જરાય. ।।૮।।

અર્થઃ- માંગવુ ને મરવું સમાન છે. એવું કેટલાક માનનારા હોય છે અને તે એક અપેક્ષાએ સાચી વાત છે. માંગવામાં સત્વ હણાય છે. ભિખારી માંગે છે. પંચમહાવ્રતધારી સાધુ માગતા નથી. ધર્મલાભ આપે છે. સામાવાળા પધારો કહે છે તો ભિક્ષા લઈને પણ સામાનો ઉપકાર કરે છે. માંગવું નહીં તે બરાબર વાત છે. પણ સામે કોઈ માંગતુ આવે તો તેની આશા પૂર્ણ કરવી.

સુપાત્ર હોય તો ઘણું દાન આપવું, તથા દુઃખોના ડુંગર માથા ઉપર પડે તોય દીન વચન ભિખારી બોલે તેવા - એ (ભાઈ) માઈ કોઈ આપોને આવા દીન વચનો ન બોલવા. આવી રીતે જીવન જીવિયે તો ક્યારે પણ શોક ન કરવો પડે.

## શ્લોક-૯

अप्प न पसंसिज्जइ, निंदिज्जइ दुज्जणो वि न कयावि।
बहु बहुसो न हसिज्जइ, लब्भइ गुरुअत्तणं तेण ॥ ९ ॥

### સંસ્કૃત છાયા

आत्मा न प्रशस्येत । निन्द्येत दुर्जनोऽपि न कदापि ।
बहु बहुशो न हस्येत । लभ्यते गुरुत्वं तेन ॥ ९ ॥

### સવૈસયા છન્દ

વખાણ ના પોતાના કરવા કરે બીજા તો સુણવા નહિ,
વારેવારે હસવું નહિને, હાંસી કોઈની કરવી નહિં,

દુર્જનની નિન્દા નવિ કરવી નિન્દા લોક વિરુધ્ધ ગણાય,
જીવનની ઈમકળા ગ્રહીને પોતે જગમાં મોટો થાય.॥ ૯॥

અર્થ:- આ જીવે પોતાના વખાણ-પ્રશંસા કરવા નહિ, બીજા કરે તો સાંભળવા બહુ આતુર ન રહેવું. આપણે કેવા છીએ એ આપણને ખબર જ છે. વખાણ સાંભળવાથી પ્રગતિ અટકે છે. આના દૃષ્ટાંતો શાસ્ત્રમાં ઘણાં આવે છે.

બીજુ વારેવારે હસવાથી આપણી કિંમત ઓછી થાય છે. ગંભીર રહેવું જોઈએ અને કોઈની હાંસી, મશ્કરી, ઠેકડી, પટ્ટી પાડવી આદિ કરવું નહી.

દુર્જનની પણ નિન્દા ન કરવી. નિન્દા કરવી એ લોક વિરુધ્ધ છે. અને તે ન કરાય. આ ઉપરની વાત જે ધ્યાનમાં રાખે તે જગતમાં મોટો ગણાય.

## શ્લોક-૧૦

रिहणो न वीससिज्जइ, क्या वि वंचिज्जाए न वीसत्थो।
न कयग्धेहिं हविज्जइ, एसो नायस्स नीस्संदो ॥१०॥

### સંસ્કૃત છાયા

रिपोः न विश्वस्येत, कदापिवञ्च्येत न विश्वस्तः ।
न कृतघ्नैः भूयेत, एष ज्ञानस्य निःस्यन्दः ॥ १० ॥

## સવૈયા છન્દ

આત્માનું જે અહિત કરે તે, કર્મ ખરે શત્રુ કહેવાય,
શત્રુનો વિશ્વાસ ના કરવો, વિશ્વાસુને નહિ છેતરાય,
કરેલ ઉપકારને વિસરવો, વિચાર આવો કદિ ન કરાય,
નીતિપૂર્વક રેતાં જીવને દુઃખ ન આવે ક્યારે ભાય ॥ ૧૦॥

અર્થઃ- સંસારમાં આત્માનું ઘર શરીર છે. અને શરીરયુક્ત આત્માનું ઘર ચુનામાટીનું હોય છે. શરીર વગર આત્મા મોક્ષમાં એકલો રહી શકે પણ આત્મા વગરના શરીરને લોકો બાળી નાંખે છે. એટલે આત્મા એ મુખ્ય છે.

જે આત્માનું બગાડે છે તે ખરેખર શત્રુ છે. શત્રુઓ બહાર ક્યાંય રહેતા નથી. આત્માની અંદર જ રહે છે અને તે છે જ્ઞાનાવરણીયાદિ કર્મ. આત્માનું કર્મથી જ ખરાબ થાય છે. જો શુભકર્મ હોય તો ભોમિયાનું કામ કરીને મોક્ષનો માર્ગ બતાવી ચાલ્યું જાય છે. આવા શત્રુ તથા ક્રોધ, માન, માયા, લોભ આદિ શત્રુ તેનો કદાપિ વિશ્વાસ ન કરાય. બીજુ જેણે આપણા ઉપર વિશ્વાસ રાખ્યો હોય તેને છેતરાય નહિં. અન્યને પણ ન છેતરાય, તો કુટુંબ કે મિત્રને કેમ છેતરાય.

વળી કોઈએ થોડો પણ ઉપકાર કર્યો હોય તેને વિસરવો નહિં. ભૂલવો નહિં. અને નીતિપૂર્વક રહેવું જેથી આત્માને દુઃખ ન આવતા અનુકૂળતા રહે.

## શ્લોક-૧૧

रच्चिज्जइ सुगुणेसु बज्झइराओ न नेहवज्जेसु ।
किंखइ पत्तपरिखा दक्खाण इमोअ कसवट्टो ॥ ११ ॥

### સંસ્કૃત છાયા

रज्येत सुगुणेषु, बध्येत रागो न स्नेहवर्जयेषु ।
क्रियेत पात्रपरीक्षा, दक्षाणामयं कषपट्टः ॥ ११॥

### સવૈયા છન્દ

ગુણીજનોને સદા નિરખતા જે હરખે મનમાં દિનરાત,
તે જનમાં ગુણ આવે જલદી ને કરતા એ નિત્યે વાસ,
સ્નેહ વિનાના જીવની ઉપર વ્યવહારથી ન રાગ કરાય.
પાત્ર પરીક્ષા કીધા વિણના ઉતાવળે ન ડગલું ભરાય. ॥૧૧॥

અર્થઃ- સારી વસ્તુને જોતા લગભગ દરેકને આનન્દ થવો જોઈએ. જે ગુણિજનને દેખી હરખાય છે, તેનામાં ગુણો જલદી આવે છે અને રહે છે.

સંસારની બાબતમાં સ્નેહ વગરના જીવો ઉપર રાગ કરાતો નથી.

અધ્યાત્મની દષ્ટિએ પરમાત્માના ઉપર રાગ કર્યા સિવાય તેની નજીક જવાતું નથી. માટે શરૂઆતમાં રાગ કરવો અને અંતે

છોડવો યોગ્ય છે. બીજુ પાત્ર પરીક્ષા કર્યા સિવાય કોઈપણ સ્થાનમાં એને રાખવા માટે ઉતાવળ કરાતી નથી.

## શ્લોક નં.૧૨

नाकज्जमायरिज्जइ अप्पा पाडिज्ज न वयणिज्जे ।
नय साहसं चहज्जइ, उप्भिज्जइ तेण जगहत्थो ॥१२॥

-: સંસ્કૃત છાયા :-

नाकार्यमाचर्येत । आत्मा पाड्येत न वचनीये ।
नयसाहसं त्यज्येत । उद्भिद्येत तेन जगति हस्तः ॥ १२ ॥

-: સવૈયા છન્દ :-

જીવવું જો ખુમારીપૂર્વક ન છાજે તેવું કરવું નહિ,
અન્ય ગુણોને ગાવા નિત્યે નિન્દા કોઈની કરવી નહિ,
વિચારપૂર્વક સાહસ કરવું મેળવવું થોડું પણ કંઈ
આવી રીતે જીવન જીવવું દેવ અને ગુરુ સાથે લઈ ॥૧૨॥

અર્થ:- (સત્ત્વ અને ખુમારી લગભગ પર્યાય વાચક શબ્દ છે)

આપણને ન છાજે, જે યોગ્ય ન હોય તે તે ના કરીએ તો ખૂમારીપૂર્વક જીવી શકાય છે. અને જો બીજાના જ ગુણો ગાવાની ટેવ પાડીએ તો બીજાની નિન્દા કરવાનું છૂટી જાય છે. વળી સાહસ

કરવું તે યોગ્ય છે. કેમ કે તેનાથઈ સિદ્ધિ થાય છે. પણ સાહસ વિચારપૂર્વકનું કરવું દેવગુરુનો સાથ લઈને અર્થાત્ સારું મંગલ કરી આજ્ઞા લઈ સાહસ કરવું જેથી પસ્તાવાનો વારો ના આવે.

## શ્લોક - ૧૩

वसणे वि न मुज्झिज्जइ, मुच्चइ जायो न नाम मरणेपि।
विहवस्वखएवि दिज्जइ, वयम सिधारं खु धीराणं ॥१३॥

### સંસ્કૃત છાયા

व्यसनेऽपि न मुह्येत मुच्येत न्यायो न नाम मरणेऽपि ।
विभवक्षयेऽपि दीयते, व्रतमसिधारं खलु धीराणं ॥१३॥

### સવૈયા છન્દ:

દુઃખ પડે મુંઝાવું નહિ પણ માર્ગ કાઢવો ઉચિત ગણાય,
મૃત્યુ આવે ન્યાય ન ત્યજવો એ સજ્જનની રીત ગણાય.
ધન જાયે તોય ધન આપવું, દાન થકી ધન આવે ભાય,
અસિ ધાર પર ચાલવા સદૃશ વ્રત વિષમ સજ્જનનું કહાય ॥૧૩॥

અર્થઃ- પોતપોતાના શુભ-અશુભ કર્મને અનુસારે સુખ-દુઃખ આવ્યા જ કરતા હોય છે. અશુભ કર્મના ઉદયમાં ને કોઈ વખત શુભ કર્મના ઉદયમાં મુંઝાવું નહિ. પણ રસ્તો કાઢતા શિખવું. બીજું-

મૃત્યુ આવે તો પણ સ્વીકારવું પણ ન્યાય છોડવો નહિ.

ધનની નુકસાની થઈ હોય તો ય આપવાનો - દાન દેવાનો ગુણ છોડવો નહિ.

દાન દેતાં પાછું ધન આવે છે અને ન પણ આવે તોય શુભ કર્મ બંધાય છે.

આ તલવારની ધાર ઉપર ચાલવાના સમાન વ્રતો સજ્જનોના છે.

## શ્લોક ૧૪

अहनेहो न वहिज्जइ, रुसिज्जइ न य पियेऽविपइदियहं
वद्धारिज्जइ न कली जलंजली दिज्जइ दुहाणं ।।१४।।

### સંસ્કૃત છાયા

अति स्नेहो न उह्यते, रुष्येत न च प्रियेऽपि प्रतिदिवसं ।
वर्धाप्येत न कलिः जलाज्जलिः दीयेत दुःखानां ।। १४ ।।

### સવૈયા છન્દ

અતિરાગ તે દુઃખનું કારણ ક્યારેક તો મૃત્યુ પણ થાય.
પ્રિય જીવ પર વારે વારે રોષ ન કરવો ક્યારે ભાય,
જો લક્ષ્મીના રાગી હો તો કરવો ના કંકાસ જરાય,
આ ત્રણ નિયમો પાળે તેના દુઃખ દારિદ્રય દૂરે જાય.।।૧૪।।

અર્થ:- નીતિ શાસ્ત્રનું વચન છે કે અતિ સર્વત્ર વર્જયેત્ કોઈપણ બાબત અતિ નહિ સારી. અને અતિ વિવેકપૂર્વકની હોય તો વાંધો ન આવે એમ સમજી શકાય.

બાકી અતિરાગ તો ખરાબ જ છે અહીં અતિરાગ એટલે અતિમોહ. અમસ્તોય મોહ ખરાબ છે. તો અતિમોહ કેમ સારો હોય. વધારામાં ક્યારેક અતિમોહથી મૃત્યુ પણ થઈ જાય છે.

એક પતિ-પત્નીને પરસ્પર અતિરાગ હતો. પતિના મિત્રે મિત્રની પત્નીની પરીક્ષા કરવા કહ્યું, 'તમારા પતિ બહારગામથી આવી બહાર ધર્મશાળામાં ઉતર્યા હતા અને તેને એટેક આવ્યો અને મરી ગયા.' આવું વાક્ય સાંભળી પત્નીને એટેક આવ્યો અને મરી ગઈ તે વાત તેના પતિને ખબર પડી તો તે ત્યાં ધર્મશાળામાં મરી ગયો. આ છે મોહની લીલા, માટે અતિરાગ કરવો નહિં.

વળી કોઈ જીવો પર વારે વારે રોષ ન કરવો. વળી લક્ષ્મી જોઈતી હોય તો ઘરમાં ક્લેશ કંકાસ ન કરવો આ ત્રણ નિયમો પાળે તેના દુ:ખ દારિદ્રય દૂર થાય છે.

## શ્લોક-૧૫

न कुसंगेण वसिज्जइ, बालस्स, वि धिप्पए हिअं वयणं।
अनायाओ निवटिज्जइ, न होइ वयणिजाया एवं ॥१५॥

## સંસ્કૃત છાયા

न कुसङ्गेन उष्येत, बालस्यापि गृह्येत हितं वचनम् ।
अन्यायात् निवृत्येत, न भवति वचनीयता एवं ॥ १५ ॥

## સવૈયા છન્દ

સોબત ના કરવી ખરાબની સોબત સારાની જ કરાય,
હિતવચનો બાળકના લેવા નીતિ શાસ્ત્રનું વચન ગણાય,
અન્યાયથી પાછા ફરવું, ને ન્યાય પકડવો જીવનમાંય,
આવું કરતાં કોઈ તમારી નિંદા ન કરે ક્યારે ક્યાંય॥૧૫॥

અર્થઃ- ખરાબની સોબત સારી નથી. બાર કેરીમાં એક કેરી ખરાબ હોય તો તે બાકીની અગિયારને બગાડે છે. માટે તે એક કેરીને કાઢી નાખવી સારી. તેમ ખરાબ મિત્રને છોડી દેવો સારો. સારાની જ સોબત કરાય. વળી "બાલાદપિ હિતં ગ્રાહ્યં" બાળકની પાસેથી પણ હિત ગ્રહણ કરવું આ નીતિશાસ્ત્રનું વચન છે.

ધર્મશાસ્ત્ર એવું કહે છે કે વડીલ હોય, ગુરુ હોય અને સારા જ્ઞાની હોય તે દરેકની પાસેથી હિત સાંભળવું.

અન્યાય કરવો નહિ. ન્યાયી રહેવું. આવું કરવાથી કોઈપણ તમારી નિન્દા કરશે નહિ, અને જીવન જીવવાની મજા આવશે.

## શ્લોક - ૧૬

विहवे वि न मच्चिज्जइ, न विसीइज्जइ असंपाए वि ।
वदिज्जइ समभावे, न होई रणरणइ संतावो ॥ १६ ॥

### સંસ્કૃત છાયા

विभवे न माद्येत, न विसद्येत असंपदि अपि ।
वृत्येत समभावे, न भवति रणरणति संतापः ॥ १६ ॥

### સવૈયા છન્દ

વૈભવ આવે રાચવું નહિ ને, ક્યારે પણ ના નાચવું ભાય,
ધન જાતા નહિ દુઃખી થાવું મનમાં કરવો ના વિષાદ,
સમતામાં 'રે' તેને ક્યારેય મનમાં ન થાયે સંતાપ,
ઉદાર ધનીને વસ્તુ દેતાં કિમ હોવે તેને સન્તાપ ॥ ૧૬ ॥

અર્થઃ- પુણ્ય વિના વૈભવ-ધન-મકાન-દુકાન આદિ પ્રાપ્ત થતું નથી. સમજો કે પુણ્યથી પ્રાપ્ત થઈ ગયું તો રાચવું નહિ. વિષાદ ન કરવો, દુઃખ ન લાવવું. આવવું અને જવું સંસારનો નિયમ છે. માટે સમતામાં રહેવું, સમતામાં રહેવાથી ક્યારેય સંતાપ થતો નથી. અને ઉદાર મનુષ્યને ધન દેતા પણ સંતાપ થતો નથી. અત્યાર સુધી આ જીવે ઘણું લીધું હવે આપવું - ને છોડવું એ જ સાચું પ્રમાણ છે.

## શ્લોક - ૧૭

वन्निजइ भिच्चगुणो, न परुखं न य सुअस्स पच्चक्खं।
महिला उ नोभयावि हु, न नस्सए जेण माहप्पं ॥ १७ ॥

### સંસ્કૃત છાયા

न वर्ण्येत भृत्यगुणः न परोक्षे न सुतस्य प्रत्यक्षम् ।
महिला तु नोभया अपि न नश्यति येन माहात्म्यम् ॥ १७ ॥

### સવૈયા છન્દ

ઘણા ગુણોથી યુક્ત જ એવા નોકરના ગુણ ન કહેવાય,
ચતુર પુત્રના ગુણ ગણ ગાતા ક્યારે પણ ના લાભ પમાય,
પરોક્ષ કે પ્રત્યક્ષ કાળમાં સ્રીના ગુણો ના કહેવાય,
નિજનું ગૌરવ સાચવવાને ઉપરના ત્રણ નિયમો પળાય॥૧૭॥

અર્થઃ- ગુણવાનના ગુણો (ગાવાથી) કહેવાથી અનુમોદનાનો લાભ જરૂર મળે છે. નીતિ શાસ્રની અપેક્ષાએ, નોકરના ગુણો, ચતુર પુત્રના ગુણો તેમજ સ્રીના ગુણો પ્રત્યક્ષ કે પરોક્ષમાં ગાવાથી તેની પ્રગતિ અટકી જાય છે. અને આપણને નુકસાન થાય છે.

આ સમજવા એક કથા છે.

એક ચિત્રકારનો છોકરો ચિત્ર બનાવી લાવે એટલે એના પિતા ચિત્રના દોષો બતાવે. પછી તે પુત્ર સુધારી લાવે, સુધાર્યા

પછી તેના પિતા બીજા દોષો બતાવે, જ્યારે ફરી સુધારીને લાવે ત્યારે બીજા દોષો બતાવે. એક વખત તે પુત્રે બીજા ચિત્રકારને ચિત્ર બતાવ્યું. ત્યારે તે ચિત્રકાર ખુશ થઈને કહે છે કે 'તેં આ ચિત્ર ઘણું સારૂ બનાવ્યું છે.' એટલે પુત્રે પોતાના પિતાને ચિત્ર બતાવવાનું બંધ કર્યું અને તેની પ્રગતિ પણ અટકી ગઈ. પિતાની ઈચ્છા એવી હતી કે સારામાં સારું બનાવે પણ વખાણ થયા એટલે પ્રગતિ અટકી ગઈ.

પોતાનું ગૌરવ સાચવવાને ઉપરના ત્રણ નિયમો સાચવવા જોઈએ.

## શ્લોક - ૧૮

जंपिज्जइ पिअवयणं विणओ अ दिज्जए दाणं ।
परगुण गहणं किज्जइ, अमूल मंतं वसीकरणं ॥१८॥

### સંસ્કૃત છાયા

जल्प्येत प्रियवचनं क्रियेत विनयश्च दीयेत दानम् ।
परगुणग्रहणं क्रियेत, अमूलमन्त्रं वशीकरणम् ॥ १८ ॥

### સવૈયા છન્દ

પ્રિય બોલવું સહુ કોઈ સાથે વડિલજનોનો કરવો વિનય,
દાન આપવું શક્તિ પ્રમાણે ને કર્મોનો કરવો વિલય,
બીજાના ગુણ મેળવવામાં ફરતા રહેવું સદા કુવલય,
મંત્ર ચાર છે વશીકરણના જેથી થાતો આત્મઉદય ॥ ૧૮ ॥

અર્થઃ- કેમ બોલવું અને કેમ ચાલવું. કેમ ખાવું, કેમ પીવું આ બધું શિષ્ટ પુરુષો પાસેથી સમજવા જેવું હોય છે. એટલે સહુની સાથે પ્રિય બોલવું હિતકારી બોલવું સત્ય બોલવું અને પ્રમાણસર બોલવું. તેમજ વડીલજનોનો વિનય કરવો. જો આપણે વડીલોનો વિનય ન કરીએ તો આપણી બધી શક્તિ નકામી થઈ જાય છે. બીજું શક્તિ પ્રમાણે દાન આપવું શક્તિથી વધારે અપાઈ જાય તો પસ્તાવો થવાની શક્યતા છે. શક્તિથી ઓછું આપીએ તો શક્તિને ગોપવવાથી વીર્યાન્તરાય કર્મ બંધાય છે. બીજી એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે આપ્યા સિવાય કદી મળતું નથી. થોડું પણ ભાવથી આપવાથી ઘણું ફળ મળે છે. અને આપ્યા પછી મેળવવાની ઈચ્છા ન રાખીએ તો જલદી આત્મકલ્યાણ થાય છે. દાન આપવાથી અંતરાયો પણ તૂટે છે.

તેમજ બીજાના ગુણો મેળવવા આખી પૃથ્વીનો પ્રવાસ કરવો અને જ્યાંથી જે ગુણ મળે તે મેળવવા. આ ચારેય વશીકરણના મન્ત્રો છે.

## શ્લોક - ૧૯

पत्थावे जंपिज्जइ, सम्माणिज्जइ खलोवि बहुमज्झे।
नज्जइ सपरिविसेसो, सयलत्था तस्स सिज्झंति ॥१९॥

## સંસ્કૃત છાયા

प्रस्तावे जल्प्येत, सन्मान्येत खंलोऽपि वहुमध्ये ।
ज्ञायते स्वपर-विशेष, सकलार्थाः तस्य सिध्यन्ति ॥१९॥

## સવૈયા છન્દ

સમયે વાવેતર કરવાથી ક્ષેત્રે પાક ઘણોએ થાય,
યોગ્ય સમયે વદવાથી ઘણો નિજને લાભ અનેરો થાય,
જન સમુદાયે દુર્જન કેરા માન થકી જીવન બદલાય,
નિજ પરના બહુ ભેદ વિચારે સકલ અર્થની સિદ્ધિ થાય ॥૧૯॥

અર્થઃ- જેમ યોગ્ય સમયે, અનુકુળ સામગ્રી સાથે વાવેતર કરવાથી પુણ્ય હોય તો, પાક ઘણો થાય છે. તેમ યોગ્ય સમયે બોલવાથી પુણ્ય હોય તો ઘણો લાભ થાય છે. બીજી એક ખાસ વાત કે, દુર્જનને વશ કરવો હોય તો ઘણી મોટી પર્ષદામાં તેનું બહુમાન કરવું. જેથી તેનો રોષ ઓછો થતો જાય અને તેનામાં પરિવર્તન આવતું જાય.

બીજું નીચેની વાત ખાસ્ યાનમાં રાખવા જેવી છે કે, મેં બાંધેલું કર્મ મારે જ ભોગવવાનું છે અને બીજાએ બાંધેલું કર્મ તેને જ ભોગવવાનું છે. આમ સ્વ અને પરનો ભેદ વિચારવાથી કાર્યની સિધ્ધિ થાય છે.

## શ્લોક - ૨૦

मंततंताण न पासे गम्मइ, न परिग्गहे अबीएहिं।
पडिवंतं पालिज्जइ, सुकुलीणत्तं इवइ एवं ॥ २० ॥

### સંસ્કૃત છાયા

मन्त्रतन्त्राणां पार्श्वे, न गम्यते न परगृहे अद्वितीयै :।
प्रतिपद्यमानं पालयेत, सुकुलीनत्वं भवति एवम् ॥ २० ॥

### સવૈયા છન્દ

મન્ત્ર-તન્ત્રના માર્ગે ન જાવું એકલા પરઘર જાઉં નહિ,
ધારેલા નિયમોને પાળતા દક્ષ પ્રતિજ્ઞ થાઉં ભાઈ,
આવી રીતે નિયમ પાળતા ધર્મિજન ઉચ્ચ ગતિએ જઈ,
ક્રમિક પાળતા વ્રત નિયમોને સિધ્ધિ ગતિમાં જાશે ભાઈ ॥૨૦॥

અર્થઃ- યોગ્ય વ્યક્તિ માટે મન્ત્રનો માર્ગ ખોટો નથી. વિના સ્વાર્થે તેનો ઉપયોગ કરનારા કેટલાયનું ભલુ કરી શકે. બાકી અયોગ્યના હાથમાં ગયેલો મન્ત્ર નુકસાન કરે છે. અયોગ્ય મન્ત્રના માર્ગે પણ જાવું ન જોઈએ. યોગ્ય કોઈક જ હોય છે બાકી આ કાળમાં અયોગ્ય શોધવા કઠીન નથી. બીજુ એકલા બીજાને ઘેર જવું નહિ. એકલા જઈએ તો આપણા ઉપર લોકો આક્ષેપ નાંખે આપણે સારા હોઈએ છતાં સામેની વ્યક્તિ આપણા મનને ચંચળ બનાવવા પ્રયત્ન કરે માટે એકલા અને તેમાં પણ સામાના

ઘરે પુરુષ ન હોય તો બહારથી જ પાછા આવવું યોગ્ય છે. અને જે કોઈ નિયમો લીધા હોય તેને સારી રીતે પાળવા. ભગવાનની જેમ દક્ષ પ્રતિજ્ઞ થવા કોશિશ કરવી.

આવી રીતે નિયમો પાળતા આગળ જવાય અને ક્રમિક મોક્ષમાં પણ જવાય.

## શ્લોક-૨૧

भुंजइ भुंजाविज्जइ पुच्छिज्ज मणोगयं कहिज्जसयं ।
दिज्जइ लिज्जइ उचिअं इच्छिज्जइ जइथिरपिम्मं ॥ २१ ॥

### સંસ્કૃત છાયા

भुङ्कते भोज्येत पृच्छ्येत मनोगतं कथ्येत स्वयम् ।
दीयते गृहयते उचितं इष्येत यदि स्थिरप्रेम ॥ २१ ॥

### સવૈયા છન્દ

મિત્રોની આપેલ વસ્તુને લેવી આદરપૂર્વક ભાય,
સમય આવતા મિત્રોને પણ, પ્રેમે દેવી યોગ્ય ગણાય,
મિત્રોનું ભાવે ખાવું ને ખવરાવવું પણ યોગ્ય ગણાય,
ગુપ્ત વાત કેવી સાંભળવી મૈત્રીના લક્ષણ કહાય. ॥૨૧॥

અર્થ:- મિત્રો પ્રેમથી કંઈક આપતા હોય તો લેવું અને સમય આવે પ્રેમપૂર્વક મિત્રોને કાંઈ દેવું. અવસર આવે તો મિત્રોને ત્યાં ભોજન

કરવા જવું અને અવસર મળતા મિત્રોને જમાડવા.

જે બીજાને ન કહી શકાય તેવી ગુપ્ત વાતો મિત્રને કહેવી અને મિત્રની ગુપ્તવાત સાંભળવી, આમ વાત કહી અને સાંભળી હળવા થવું, તથા સામાને હળવા કરવા. આ બધા મિત્રતાના લક્ષણ છે.

## શ્લોક-૨૨

कोवि न अवमन्निज्जइ, न य गविज्जइ गुणेहिं निअएहिं ।
न विम्हओ वहिज्जइ, बहुरचणा जेणिमा पुहवी ॥२२॥

### સંસ્કૃત છાયા

कोऽपि न अपमन्येत, न च गीर्येत गुणैः निजकै : ।
न विस्मयः उह्येत, बहुरत्ना येनेमा पृथ्वी ॥ २२ ॥

### સવૈયા છન્દ

કરવું નહિ અપમાન કોઈનું નિજ ગુણ કેરો કરવો ન મદ,
જે વસ્તુનો બહુમદ કરીએ હાથ થકી ઝટ થઈ જાય રદ,
આ દુનિયામાં તેજ ગુણી છે જે બીજાના કાપે ન કદ,
ઘણા ગુણ રત્નધારી પૃથ્વી વિસ્મય શું છે તે મને વદ ॥૨૨॥

અર્થઃ- અપમાન તિરસ્કાર કોઈને ગમતો નથી. માટે કોઈનું

અપમાન-તિરસ્કાર કરવો નહિ. અને પોતાના ગુણનું અભિમાન કરવું નહી. જેનું બહુ અભિમાન કરીએ તે વસ્તુ આપણી પાસેથી જલદી ચાલી જાય છે. વળી એકબીજાની વાતને કાપે નહિ એકબીજાના કદ કાપે નહિ તે ગુણી છે.

આમાં શું આશ્ચર્ય જેવી વાત છે સીધી વાત છે કે આ પૃથ્વી ઘણાં ગુણવાળી છે.

## શ્લોક-૨૩

आरम्भिज्जइ लहुअं, किज्जइ कज्जं महंत्मवि पच्छा
न य उक्कीरसो किज्जइ, लब्भइ गुरुअत्तणं जेण ॥२३॥

### સંસ્કૃત છાયા

आरभ्येत लघुकं क्रियेत कार्य महदपि पश्चात् ।
न च उत्कर्षः क्रियते, लभ्यते गुरुकत्तं येन ॥ २३ ॥

### સવૈયા છન્દ

છન્દ અનુષ્ટુપ અગ્રિમ રચવો ક્રમે કરીને દંડક છન્દ,
લઘુમાંથી જાવું મોટામાં મોટાના વાગે પડઘમ,
જીવનમાં કદિ ગર્વ ન કરવો જેથી નાવે દુઃખાક્રન્દ
આવી રીતે જીવન જાતા મળશે તેને ઉત્તમ ચંદ ॥ ૨૩ ॥

અર્થઃ- સાહિત્યમાં સેંકડો છન્દો હોય છે. પણ પ્રચલિત નાનામાં નાનો અનુષ્ટુપ છન્દ હોય છે. એમ નાનો છન્દ શીખતાં શીખતાં મોટો છન્દ શિખાય છે. તેવી રીતે નાનામાંથી મોટા થવાય છે. અને મોટાના નામે પડઘમ વાગે છે. મોટા થયા પછી ગમે તેટલી શક્તિ મળે તોય ગર્વ ન કરવો. ગર્વ કરવાથી મળેલી વસ્તુ ચાલી જાય છે અને દુઃખો આવી પડે છે. અને સારી રીતે જીવતાં ઉત્તમ ચન્દ્ર જેવા ગુણો પ્રાપ્ત થાય છે.

## શ્લોક-૨૪

झाइज्जइ परमप्पा अप्पसमाणो गणिज्जइ परोपि ।
किज्जइ न रागदोसो छिन्निज्जइ तेण संसारो ॥ २४ ॥

### સંસ્કૃત છાયા

ध्यायेत परमात्मा आत्मसमानो गण्येत परोऽपि ।
क्रियेत न रागदोषः छिद्येत तेन संसार ॥ २४ ॥

### સવૈયા છન્દ

ભવના ભ્રમણો છોડી તમને મુક્તિ પામવા ઈચ્છા થાય,
તો ભવતારક જિનનું સદાયે ધ્યાન ધરવું યોગ્ય ગણાય.
આ જગના વળી સવિ જીવને સરખા ગણવા પ્રીતિ કરાય,
આવું કરતા સર્વજીવના રાગદોષ પણ દૂરે જાય. ॥૨૪॥

અર્થઃ- જો તમને સંસારના ભ્રમણો છોડી મુક્તિ પામવાની ઈચ્છા થતી હોય તો તારક એવા જિનેશ્વર પરમાત્માનું સદા ધ્યાન કરો અને સર્વ જીવોને સમાન માનતા થાવ. દરેક જીવમાં કેવલ જ્ઞાનાવરણ અને અસંખ્યાતા આત્મપ્રદેશો હોય છે. આ દૃષ્ટિએ સર્વ જીવો સમાન છે એટલે સર્વના પ્રત્યે પ્રીતિ કરવી.

## શ્લોક-૨૫

उवएस रयणमालं, जो एवं ठवइ सुट्ठु निअकंठे ।
सो नर सिवसुह लच्छी, वत्थयले रमइ सया ॥ २५ ॥

### સંસ્કૃત છાયા

उपदेश रत्नमालाम् य एव स्थापयति सुष्ठुनिजकण्ठे ।
स नरः शिवसुखलक्ष्मी वक्षस्थळे रमते सदा ॥ २५ ॥

### સવૈયા છન્દ

ઉપદેશ રત્નમાલાને જે સ્વના કંઠે ધારે સદાય,
શિવસુખરૂપી લક્ષ્મીનાતે વક્ષસ્થળના ભોક્તા થાય,
દ્રવ્ય ઉચ્ચને પામી જીવો સદાય માટે સુખી થાય,
નિજના ગુણને ભોગવવાથી ભવ્યો કિમના સુખી થાય. ॥૨૫॥

અર્થઃ- ઉપદેશરત્નામાલા એ એક અર્થથી બહુ મોટી માળા છે. શબ્દથી મધ્યમ છે. આ માળાને જે સદાય કંઠમાં ધારણ કરે છે, અર્થાત્ તેનો પાઠ કરે છે તે શિવસુખરૂપી લક્ષ્મીના વક્ષસ્થળના ભોક્તા થાય છે અને જેને ઉચ્ચ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે, તે સદા સુખી થાય છે. અથવા આત્માના પોતાના ગુણોને ભોગવવાથી કોણ સુખી ન થાય.

## શ્લોક-૨૬

एअं पउमजिणेसर, सूरि वयणगुंफरम्मिअं वहक ।
भव्व जणो कंठगयं, विहलं उवएस मालमिणं ॥२६॥

### સંસ્કૃત છાયા

एतत् पदमजिनेश्वर, सूरि-वचन गुम्फरम्यं वहतु ।
भव्यजनः कण्ठगतं, विपुल उपदेशमालामेनाम् । ॥ २६॥

### સવૈયા છન્દ

પદ્મજિનેશ્વર ગુરુના વચનો ગુંથનથી રમણીય જણાય,
પણ એ વચનો પારખવાને ચતુર બનવું યોગ્ય ગણાય.
રચિત તેની ઉપદેશમાલા છવ્વીશ છન્દ સહિત ગણાય,
આ શ્લોકોને કંઠે કરતા ભવ સમૂહને પાર પમાય. ॥૨૬॥

અર્થ:- શ્રી પદ્મજિનેશ્વર સૂરિજીએ શાસ્ત્રના વચનનું ગુંથન સારૂં કર્યું છે પણ તેને જાણવા માટે પારખવા માટે ચતુર બનવું પડે તેમ છે. મહાજ્ઞાનીના વચનો જાણવા માટે આગમ-નીતિનું અને અનેક ભાષાનું અને વ્યવહારનું જ્ઞાન આવશ્યક હોય છે. બીજુ આ ઉપદેશ રત્નમાલામાં કુલ ૨૬ તથા સવૈયા છન્દો રચનારનો શ્લોક એમ કુલ ૨૭ ગાથા અર્થ સાથે લખી છે. આ શ્લોકોને કંઠે કરતા ઘણો લાભ થાય અને સતત ધર્મમાં મગ્ન રહેતા આત્મકલ્યાણ થાય છે.

## શ્લોક-૨૭

**નીતિને વૈરાગ્ય છે જેમાં, ઉપદેશરત્નમાલા ગ્રન્થ,**
**પદ્મજિનેશ્વરે યત્ને રચિયો પ્રાકૃતભાષામાં ઉમંગ,**
**જેની સંસ્કૃત છાયા કરતા પૌરિક પંડિતે લીધો યશ,**
**છન્દ સવૈયા સાર્થ લખીને ગુરુને કુન્દે આપ્યો યશ. ।।૨૭।।**

અર્થ:- નીતિશાસ્ત્ર અને વૈરાગ્યની વાત વિશેષે જેમાં છે, એવો ઉપદેશરત્નમાલા નામનો ગ્રન્થ પૂજયપાદ આચાર્ય શ્રી પદમજિનેશ્વર સૂરિજી મહારાજે પાકૃતભાષામાં '૨૬', શ્લોક પ્રમાણ રચેલ છે. જેની સંસ્કૃત છાયા પંડિત પૌરિકભાઈએ કરીને યશ લીધો છે. અને મૂળ શ્લોકના અનુસારે તેમજ કોઈ કોઈ જગ્યાએ કાંઈક અધિક પણ, સવૈયા નામના માત્રા છન્દમાં કે જેમાં

૧૬+૧૫ માત્રા આવે છે. એવા ૨૭ શ્લોકો પૂ.શાસન સમ્રાટ સમુદાયના સમર્થ વિદ્વાન પૂજ્ય આચાર્યશ્રી ધર્મધુરન્ધર સૂરિજી મહારાજના શિષ્ય આચાર્ય કુન્દકુન્દસૂરિએ બનાવી તેના અર્થ લખી પૂજ્ય ગુરુવર્યને સમર્થ વિદ્વાન પૂ.આચાર્યશ્રી ધર્મધુરન્ધર સૂરિજી મ.સા.ને યશ આપ્યો છે.

ધરણીધર પ્રિન્ટીંગ પ્રેસ - અમદાવાદ :- 9426413912



# धुरन्धर विचार

१. जे परमात्मानुं ध्यान धरे छे – तेनुं ध्यान परमात्मा राखे छे.

२. दुर्जन थी बचवा माटे दुर्जन थवुं ए मार्ग नथी.

३. जे समयने ठेले छे तेने समय पण ठेले छे.

४. 'भले थई जाय' एम बोलाय छे, पण थई गया पछी 'भले' भागी जाय छे अने 'अरे' आवी जाय छे.

५. जर होय तो सजर पण अजर गणाय छे. अने जर न होय तो अजर पण सजर गणाय छे.

६. खरो माणस नखरा करतो नथी.

७. कार्यनी कठिनता अने सरलतानो आधार आवडत उपर छे.

८. सशक्तने हवामान असर करतुं नथी.

९. जगत मां अबला जेवी कोइ बला नथी.

dharnidhar : 94264 13912